Seat NO! ________

[A-12] **Sardar Patel University** **No. of Printed Pages : 3**

**T Y B A External Examination**

**Friday 06/05/2016 Morning 10:30 to 1:30 P.M.**

**Guj 309 Gujrati Literature P-IX**

**અપઠિત લેખન,પરિશીલન**

(100)

પ્રશ્ન: ૧ નીચેનામાંથી ગમે તે બે નો અર્થવિસ્તાર કરો: (૨૦)

(૧)બેસે છે ભાગ્ય બેઠાનું,ઊભું ઊભા રહેલનું,
સૂતેલાનું સુતું, ચાલે ભાગ્ય ચલન્તનું .
(૨)હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે, વિમળ દિલના ગુપ્ત બળથી .
(૩)હૈયે વડવાનલ જલે, તોયે સાગર ગાય,
હસી જાણે જગઝેર પી સન્તન તે કહેવાય.
(૪) ગમે ના શૈશવે ખેલ,યૌવને ના પરાક્રમ,
સાધુતા નહિ વાર્ધક્યે,વ્યર્થ તે જિંદગીક્રમ.

પ્રશ્ન: ૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો : (૨૦)

સુખ જેવું જગમાં કંઈ નથી જો છે તો આજ છે
સુખ એ અમારા દુ:ખનો ગુલાબી મિજાજ છે.
હું જો અનુકરણ ન કરું તે કરું યે શું?
અહીંયાં મરી જવાનો પ્રથમથી રિવાજ છેચૌદ
અસ્તિત્વ તારું આસ્થાનું નામ છે ખુદા
એ વ્હેમ છે તો વ્હેમનો તો ક્યાં ઈલાજ છે?
દુનિયાના લોક હાથ પણ ન મૂકવા દિયે
ને તું કહે સમસ્ત જગત મારે કાજ છે.
ઊઠ બેસ વિણ; અજાન વિણ, પળમાં પતી જશે
મસ્જિદમાં આખરી આ 'જલન'ની  નમાજ છે.

અથવા

ભોળી રે ભરવાડણ હરીને વેચવાને ચાલી રે;
ગિરિવરધારી ઉપાડી, મટુકીમાં ઘાલી રે. ભોળી.
શેરીએ શેરીએ સાદ પાડે: કોઈ લો મુરારિ રે;
નાથ અનાથનો વેચે, ચૌટા વચ્ચે આહિરનારી રે. ભોળી.
વ્રજનારી પૂછે શું છે માંહી,મધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા સૌને લાગી રે. ભોળી.
બ્રહ્માદિક ઈન્દ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે;
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલા દેખે રે. ભોળી.
ભક્તજનોનાં ભાગ્યે વ્રજમાં પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાનો લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે. ભોળી.

પ્રશ્ન:૩ નીચેના ગદ્યખંડનું વિવરણ(વિસ્તારથી સમજાવો) કરો: (૨૦)

સાહિત્ય એ માનવજાતિનું મગજ છે. જેમ કોઈ વ્યક્તિમાં તેનું મગજ તેનાં પહેલાનાં વેદનોની, તેના અનુભવની અને તેણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની નોંધ સાચવી રાખે છે, અને એ નોંધ ધ્યાનમાં રાખીને જ પોતાના દરેક નવા વેદન અને અનુભવનો અર્થ ઘટાવે છે; તેમ આખી માનવજાતિ પાસે સાહિત્યના રૂપમાં પોતાના ભૂતકાળની નોંધ હોય છે, અને કેવળ એ નોંધને આધારે જ એની આજની પરિસ્થિતિઓ અને સંજોગો સમજી શકાય છે. ઈન્દ્રિયોના સંદેશા મગજના સહકાર વગર વ્યક્તિને અસ્પષ્ટ અને મૂલ્ય વગરના રહે છે; સાહિત્ય પૂર્વ અનુભવના જે સંચિત ભંડારો માનવજાતિને સ્વાધીન કરી દે છે, તેના વગર તેનું જીવન કેવળ પશુજીવનની કોટિએ પહોંચી જાત.

અથવા

અન્તરાત્મા વાસનાઓથી કદાપિ લેપાતો નથી; વાસનાએ ખડી કરનારું મન છે. અને તમે તો આત્મા છો. હુકમ ચલાવો, સત્તા ચલાવો અને વસ્તુત: એ તો મન એવું બાયલું છે કે એકબે વાર હુકમ કરશો એટલે ખરેખર હરામખોર મન ડરી જશે. એક સખ્ત સોટીનો પહેલો ફટકો એ હરામખોર મનને માટે બસ છે, પણ એ માટે અતિશય શૌર્યની જરૂર છે. આપણાં બધાં એટેચમેન્ટ્સ ----આ રુચિ----ટેસ્ટ આપણી પ્રકૃત્તિ અનુસાર ઘડાયેલો હોય. અનેક જન્મોના સંસ્કારે આપણી એ પ્રકૃત્તિ આપણે પોતે ઘડેલી હોય છે.ચંચળ મનનો સ્વભાવ જ અસ્થિરતાનો હોવાથી એ લાખ વાતના અને લાખ ભાતના સંસ્કાર છાપતું જાય, ભૂંસતું જાય અને વળી લાખોવાર છાપતું જાય ---- આવો એનો વેશ્યાવ્યાપાર જ મનુષ્યના જન્મ-મૃત્યુનું અને કલેશનું કારણ છે. એ મનને સર્વોપરી સત્યમાં જ લગાડવું, કેદ કરવું, શમાવવું અને બ્રહ્મરૂપે વિસ્તારવું એ જીવાત્માનો પુરુષાર્થ છે.

પ્રશ્ન ૪: નીચેના ગદ્યખંડનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો (૨૦)

તમારો પડોશી એટલે તમારે વિસામો લેવાનું વૃક્ષ; મીઠા વ્યવહારોની વર્ષાથી એ પ્રફૂલ્લિત રહે છે. એ અણમોલો હિંડોળો છે, જ્યાં મન ચાહે હિંચોળો છો; એ અંતરની હરિયાળી છે, જ્યાં બેસી દિલ બહેલાવો છો; એ સમૂહમાંનું પંખી છે, જેની સાથે ઊડતાં ઊડતાં, ચણતાં ચણતાં ટહુકારો છો, આનંદો છો.

ઘણી વેળા તમે કહો છો, " પડોશીની વાત ના કરો. એના સિવાય સમગ્ર વિશ્વ સાથે હું આત્મિયતા સાધવા તૈયાર છું." પણ હું પૂછું છું કે પાણીનું ટીપું મૂળને છોડીને ડાળી કે પાંદડાં સૂધી પહોંચી શકે ખરૂં ? અને જો આપણે પ્રથમ સોપાનનું મૂલ્ય ના સ્વીકારીએ તો આપણને અંતિમ સોપાનનું મૂલ્ય સમજાશે ખરું ?

કેટલાકનો પડોશી પ્રત્યેનો પ્રેમ એવો હોય છે કે પડોશીના મકાનને આગ લાગે ત્યારે પોતાના મકાનને પાણી છાંટવા માંડે. પડોશીના કરાને નુકસાન થતાં તમારો કરો સાવ સલામત રહી શકે ખરો, ભલા?

સાગરમાં દૂર જતી નૌકા બીજી નૌકા ભયમાં હોવાનું સાંભળે ત્યારે કયો માર્ગ અપનાવે છે, કહેશો વારુ? અને ... દવાખાનામાં જોડાજોડના દર્દીઓ અતડા રહે અને પોતાનું દિલ છુપાવે તો એ એમને પોતાને જ કઠે, કેમ ખરું કે નહિ?

પડોશીને તાપણે તમે જરૂરથી તાપજો ; પણ એ સાથે જ એ હોળી બની ના રહે એનીયે કાળજી રાખજો. એ થોર હોય તો એને વાડ બનાવજો. એ વાંસ હોય તો એને વાંસળી બનાવજો અને તમારા સહુનાં બાળકોને એમાં સૂર ફૂંકવા દેજો. અને પછી તમે બધાં પડોશીઓ ભેગા મળી કે તમારી ઓરડીના એકાંતમાં રહ્યે રહ્યે સાંભળજો. -- એમાંથી મધુર સંગીત છેડાઈ રહ્યું હશે.

213

અથવા

અહીં મને કૃષ્ણ યાદ આવે છે. એમને પણ એમ જ થયું હશે. વિશ્વ તો આવું જ છે, સફળતા મળે કે ન મળે પણ કાર્ય તો કરવું જ. કૃષ્ણે ગીતામાં આ જ વ્યથિત ઉર ઠાલવ્યું. ગાંધીજીએ ગીતામાં આ જ અનાસક્તિ---યોગ જોયો. છકેલ યાદવોએ દારૂ પીને ઋષિઓનું અપમાન કર્યું. દ્વારકા ઉપર પ્રલય ઊતર્યો. કૃષ્ણ દ્વારકા મૂકીને ચાલ્યા ગયા.એક ઝાડ નીચે બેઠા.પદ્માસન વાળીને - પારધી આવ્યો ગુજરાતમાંથી જ --- બહારથી નથી આવ્યો. એણે જોયું, દૂર કોક બેઠું છે.એની આંખે અંધાપો આવી ગયો. ભાગવત લખે છે કે એને લાગ્યું કે કોઈ પશુ બેઠું છે, તીર માર્યું. કૃષ્ણના જમણા પગને અંગુઠે વાગ્યું. મનુષ્યમાં રહેલા પશુને દૂર કરવા જેણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું, એ જ કૃષ્ણને પશુ માની ભારતવર્ષે મારી નાખ્યા. પાંચ હજાર વર્ષ પછી એવો જ બીજો માણસ મળ્યો. એની પણ એ જ દશા કરી. ખૂબી એ છે કે ગાંધીજી જ્યારે નોઆખલી ગયા, મુસલમાનોની વચ્ચે, ત્યારે કેટલાક લોકોને બીક લાગેલી કે મુસલમાનોમાંથી કોઈ ઝનૂની એમને મારી નાખશે, પણ ત્યાં કોઈ એને મારતું નથી. ગાંધીજીના સાચા જીવલેણ શત્રુઓ તો આપણે જ હતા, એમના ધર્મ-ભાઈઓ!

પ્રશ્ન: ૫ (અ) કોઈપણ બે સંજ્ઞાઓનો સદૃષ્ટાંત પરિચય આપો : (૪)

(૧) ચરણ કે પદ (૨) માત્રા

(૩) ગણ (૪) અક્ષરમેળ

(બ) કોઈપણ બે છંદોનું બંધારણ ઉદાહરણ સહિત સમજાવો : (૮)

(૧) મંદાક્રાન્તા (૨) સ્રગ્ધરા

(૩) ઝૂલણા (૪)સોરઠો

(ક) કોઈપણ બે અલંકારની વ્યાખ્યા આપી સદૃષ્ટાંત સમજાવો: (૮)

(૧) રૂપક (૨) ઉત્પ્રેક્ષા

(૩) શ્લેષ (૪)સજીવારોપણ

— x —

3